## જન્મદિને વધામણી



સ્પંદન હિરેન પટેલ
મો. ૯૯૯૮૦ ૬૦૦૬૦



કૈરવ દેસાઈ
મો. ૯૮૨૫૭ ૨૭૭૦૬



ભાવિન મહેશકુમાર સોનારા
સિનિયર સાયન્ટીસ્ટ, ઝાયડસ રિસર્ચ સેન્ટર
મો. ૯૯૦૯૦ ૮૮૧૦૦



ચૈત્રી શિરીષભાઈ શાહ
બાસ્કેટ બોલ પ્લેયર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ
મો. ૯૩૨૭૬ ૯૭૫૩૭



દિપ્તીબેન નરેશભાઈ પંડ્યા
મો. ૯૯૨૪૨ ૪૫૪૮૦



ધર્મ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



શિવાંશી જતીનકુમાર ઓઝા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આર એન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ રેલવે સ્ટેશન અને મધુર ડેરીની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ગાંધીનગર રેલવે સ્ટેશન અને મધુર ડેરીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

કેપિટલ રેલવે સ્ટેશન પહોંચી વિદ્યાર્થીઓએ પ્લૅટફૉર્મ ટિકીટ ખરીદી હતી અને રેલવેના ઈતિહાસ, કામગીરી, રિઝર્વેશન, ટ્રેનોમાં મળતી સગવડો તથા કેપિટલ સ્ટેશન વિશે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ સૅક્ટર-૨૬ ખાતે સ્થિત મધુર ડેરીની મુલાકાત લીધી હતી. ગામડાઓની દૂધ મંડળીઓમાંથી આવતા દૂધનો રિસિવિંગ પ્લાન્ટ, દૂધ પર થતી પેશ્ચુરાઈઝેશનની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી અને તેના અંગે વિગતે સમજ મેળવી હતી. અહીં તેમણે દહીં, છાશ, માખણ, ઘી તેમજ આઈસક્રીમ પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી અને ઉત્પાદનથી માંડીને પૅકિંગ સુધીની કામગીરી નિહાળી હતી. ડેરીના પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને સઘળી પ્રક્રિયાઓની માહિતી વિગતવાર આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને મીઠા આવકાર સાથે ફ્લેવર્ડ મિલ્ક તથા આઈસક્રીમનો આસ્વાદ પણ આપવામાં આવ્યો હતો.

શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, ઉષાબેન પટેલ અને અનિલાબેન માંકડે આ શૈક્ષણિક મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે રહી તેમને યોગ્ય માર્ગદર્શન, માહિતી પૂરી પાડી હતી.

# આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી ખાતે ૧૭મીથી જીટીયુ ટૅકફૅસ્ટ 'આવિષ્કાર'

## ૩૫થી વધારે ટૅકનીકલ અને નૉન ટૅકનીકલ ઈવેન્ટ્સ : બે હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે : ૩ લાખથી વધુનાં ઈનામો અપાશે

ગાંધીનગર, તા. ૧૫

જીટીયુ સંલગ્ન ૭૫ કૉલેજોને મળતો ઝોન-૨ (ગાંધીનગર ઝોન)નો ટૅકફૅસ્ટ 'આવિષ્કાર' ૧૭મી ફેબ્રુઆરીથી આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ ખાતે યોજાઈ રહ્યો છે.

આ અંગેની માહિતી આપતાં વિનસ ગૃપ ઑફ કૉલેજીસના ચેરમૅન રિષભ જૈન જણાવે છે કે બે દિવસ ચાલનારા આ ટૅકફૅસ્ટમાં વિવિધ ઍન્જિનીયરિંગ, ફાર્મસી અને આર્કીટૅક્ચરને લગતી ૩૫થી વધારે ટૅકનીકલ અને નૉન ટૅકનીકલ ઈવેન્ટ્સ યોજાશે, જે માટે અત્યાર સુધીમાં જીટીયુની ગાંધીનગરની વિવિધ કૉલેજીસના બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ટૅકફૅસ્ટમાં ભાગ લઈને ઈનામ જીતનારા વિદ્યાર્થીઓને રૂપિયા ૩ લાખથી પણ વધુ રકમનાં ઈનામો આપવામાં આવશે. ટૅકફૅસ્ટનું ઉદ્‌ઘાટન જીટીયુના વાઈસ ચાન્સેલર નવીનચંદ્ર શેઠ, ઈન-ચાર્જ રજિસ્ટ્રાર જે સી લિલાણી, ઈનોવેશન કાઉન્સિલ ટીમના ડિરેક્ટર હિરેન્મય મહંતા અને ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર શંભુજી ઠાકોરના વરદ હસ્તે કરવામાં આવશે.



ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે કાર્યરત ઍમઍસસી અને બીઍસસીની વિદ્યાર્થીનીઓ સમક્ષ પૅટ્રોલિયમ કન્ઝર્વેશન અવેરનેસ અને ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશનના અધિકારીઓએ ઊર્જા બચત તથા ઊર્જા સંરક્ષણની વિગતે સમજૂતી આપતો માર્ગદર્શક કાર્યક્રમ યોજ્યો હતો, જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ લીધી હતો.

## ડાયરેક્ટ ❤ સે

એક માણસે
બીજા માણસ સાથે
કેવું વર્તન કરવું
તે આપણને
સાહિત્ય શીખવે છે.
- ધ્વનિલ પારેખ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જૉલી ઍલઍલબી-૨
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૦

**સ્ક્રીન-૩**
રૅસિડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૭.૪૫
જૉલી ઍલઍલબી-૨
૨.૦૦, ૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
ધંત્યા (ગુજરાતી)
૧.૦૦
કુંગ ફુ યોગા
૪.૦૦
દંગલ
૬.૪૫
ઠન ઠન ગોપાલ (ગુજરાતી)
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
જૉલી ઍલઍલબી-૨
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫, ૬.૩૦
રઈસ
૩.૩૦, ૯.૪૫

### પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ

# માતા-પિતા, ગુરુની વંદના કરી



ગાંધીનગર, તા. ૧૫

સૅક્ટર-૫માં સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે બૉર્ડના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ અને માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કથાકાર, લોક સાહિત્યકાર કનૈયાલાલ પંડ્યા, મૅનેજમૅન્ટ કન્સલ્ટન્ટ સંદિપભાઈ ભટ્ટ, શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, આચાર્ય મનિષભાઈ ખત્રી તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓનું સ્વાગત સુતરની આંટીથી કરવામાં આવ્યું હતું. બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓએ શાળા સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં અને શિક્ષકોએ વિદ્યાર્થીઓ પ્રતિ પોતાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકો અને વાલીઓનું શાસ્ત્રોક્ત વિદિથી કંકુ, ચોખા અને ફૂલથી પૂજન કરાયું હતું અને તેમની આરતી પણ ઉતારવામાં આવી હતી.

આ ઉપક્રમને કારણે શાળામાં લાગણીશીલ દશ્યો સર્જાયાં હતાં. અનેક માતાપિતાની આંખોમાં આંસુ જોવા મળતાં હતાં.

આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અનોખા કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાલયનાં શિક્ષક પારૂલબેન ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાતી ફિલ્મ રસિકો માટે નવી ફિલ્મ : લાસ્ટ ચાન્સ





ગાંધીનગર, તા. ૧૫

શ્રી પ્રૉડક્શનની ગુજરાતી ફિલ્મ 'લાસ્ટ ચાન્સ' ગુજરાતી ફિલ્મ રસિકો માટે હવે સિલ્વર સ્ક્રિન પર આવી રહી છે, જે પ્રેરણાદાયી ફિલ્મ છે.

આ ફિલ્મનું દિગ્દર્શન વિજય લિંબાચિયાએ કર્યું છે. તેઓ ત્રીસ વર્ષથી મનોરંજન ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેમણે ધુમ્મસ, ગુંજ જેવી ટીવી સિરિયલ માટે રાષ્ટ્રકક્ષાએ દૂરદર્શન પર દિગ્દર્શન કર્યું છે. આ અગાઉ તેમણે કેટલીક ગુજરાતી ફિલ્મોમાં દિગ્દર્શન કળાથી પોતાની અનોખી છાપ ઊભી કરી છે. તેઓ હવે અર્બન ગુજરાતી ફિલ્મ લાસ્ટ ચાન્સ લઈને આવી રહ્યા છે.

આ ફિલ્મમાં ગુજરાતનો જાણીતો ચહેરો અને ચાર વખત મિસ્ટર ગુજરાતનો ખિતાબ મેળવનાર સંજય મોર્ય, ચિંતન પંચાલ, પ્રતીક રાઠોડ, નિસર્ગ શાહ, શાલિની પાંડે અને જેકે જેવા કલાકારો અભિનય આપી રહ્યા છે.

ફિલ્મ યુવાનોને મસ્તી સાથે પરંપરા અને માન-સન્માન પણ જાળવવાની વાત કરે છે. યુવાનો જે ધારે છે તે કરે છે. લાસ્ટ ચાન્સ આવા ચાર મિત્રોની પથદર્શક પટકથા છે, જેઓ જિંદગી સારી બાબતોને અર્પણ કરે છે. ફિલ્મ પાવર, ઍનર્જી અને યુવાનોની વાત કરે છે.

ફિલ્મ માટે સંગીત મૌલિક મહેતાએ આપ્યું છે અને જાણીતા ગાયક સોનુ નિગમ, મોહિત ચૌહાણ તથા અંશ કિંગો પોતાનો અવાજ ફિલ્મનાં ગીતો માટે આપ્યો છે.

ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા જાણીતા પ્રવીણભાઈ ચૌધરી, કલોલના ઉદ્યોગ સાહસિક નીતિનભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ સાથે અમદાવાદના ઉદ્યોગ સાહસિક નીતિનભાઈ સુરાણી આ ફિલ્મ સાથે સંકળાયેલા છે. ખુશલ અનો દિપેન પટેલ ફિલ્મના માર્કેટિંગમાં રત છે.

## પ્રા. સોનલ પીઍચડી થયાં



ગાંધીનગર, તા. ૧૫

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક તરીકે ફરજ બજાવતાં પ્રા. સોનલ વિનોદચંદ્ર મોદીને ગુજરાત યુનિવર્સિટી તરફથી પીઍચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

પ્રા. સોનલ વિનોદચંદ્ર મોદીએ 'લિવીંગ ઍન્ડ વર્કિંગ કન્ડીશન્સ ઑફ વુમન રેગ પીકર્સ - એ સોશ્યોલૉજીકલ સ્ટડી (વિથ ધી રૅફરન્સ ટુ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ)' વિષયે ઉપર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. જે સી પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા મહાશોધ નિબંધને માન્ય રાખીને યુનિવર્સિટીએ તેમને આ પદવી એનાયત કરી છે. કૉલેજ પરિવાર તરફથી પ્રા. સોનલ મોદીને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સાહિત્ય આપણને સંવેદનહિન બનતાં અટકાવે છે

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ત્રિદિવસીય સાહિત્ય ઉત્સવનો પ્રારંભ





knn786@gmail.com

સાહિત્ય આપણને બીજાની પીડાનો અનુભવ કરાવે છે. બીજા માણસ પર શું વીતી રહ્યું છે એ સાહિત્ય આપણને સમજાવે છે. સાહિત્ય આપણને સંવેદનહિન બનતાં અટકાવે છે, એવી વાત સાહિત્યકાર ધ્વનિલ પારેખે વિદ્યાર્થીઓ સમક્ષ કરી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે બુધવારથી સાહિત્ય ઉત્સવની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે. ઉદ્‌ઘાટન ટાણે જાણીતા કવિ, સાહિત્યકાર, નાટ્યકાર ધ્વનિલ પારેખના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે તેમણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા. વિદ્યાર્થીઓને સ્વાભાવિકતાથી સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે સમસ્યા એ નથી કે આજના જમાનામાં વાચન ઓછું થઈ રહ્યું છે. જો એ વાત સાચી હોત તો પ્રતિવર્ષ આટલી મોટી સંખ્યામાં વર્તમાનપત્રો અને પુસ્તકો બહાર ન પડતાં હોત. સમસ્યા એ છે કે નવી પેઢીને શું વાંચવું અને શા માટે વાંચવું એ સમજ નથી પડતી. આજના જમાનામાં જ્યારે માણસનો માણસ સાથેનો માણસાઈભર્યો વ્યવહાર ખત્મ થઈ રહ્યો છે, માણસની સંવેદના ખત્મ થઈ રહી છે ત્યારે પુસ્તકો કે સાહિત્ય માણસમાં સંવેદના જગાવવાનું ને ટકાવવાનું કામ કરે છે. માણસે માણસ સાથે કેવો વ્યવહાર કરવો એ વાત સાહિત્ય માણસને શીખવે છે.

વાચનનું મહત્ત્વ સ્પષ્ટ કરતાં તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે તમારામાંથી કોઈ વ્યક્તિ કાંઈ લખતાં નહીં શીખે તો ચાલશે, પરંતુ દરેક વ્યક્તિ વર્ષે એકાદ સારું પુસ્તક નહીં વાંચે તો નહીં ચાલે.

ધૂમકેતુની વાર્તા 'પોસ્ટ ઑફિસ' અને સ્વામી રામકૃષ્ણ પરમહંસના જીવનની એક વાતના માધ્યમ દ્વારા તેમણે વિદ્યાર્થીઓને માનવીય સંવેદનાની વાત સુપેરે સમજાવી હતી અને ત્યારબાદ તેમને પોતાના જીવન વિશે કંઈક લખવા માટે પણ પ્રેર્યા હતા. ઉપસ્થિત સઘળા વિદ્યાર્થીઓએ પોતાની લાગણી કાગળ પર ઉતારી હતી, જે પૈકી ચાર વિદ્યાર્થીઓને અભિવ્યક્તિની તક પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની ફરમાઈશ પર ધ્વનિલ પારેખે પ્રસ્તુત કરેલી સ્વરચિત કવિતાને વિદ્યાર્થીઓની ખૂબ દાદ મળી હતી, જેનો ગૂઢાર્થ હતો : જ્યાં જુઓ ત્યાં અહીં બધાં નટ થાય છે, ખરા અર્થમાં માણસ ક્યાં પ્રગટ થાય છે !



કાર્યક્રમના પ્રારંભે સાહિત્ય પર્વનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્યના માધ્યમથી ધ્વનિલ પારેખના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને વાચનનો લહાવો માણવા મળે ને વાચનના લાભ તેમને પ્રાપ્ત થાય તે હેતુસર છેલ્લાં પાંચ વર્ષથી કૉલેજ દ્વારા સાહિત્ય ઉત્સવની નિયમિત ઉજવણી કરવામાં આવે છે.

પિતા અંગેની એક કવિતા, યુવાઓને લગતા એક આધુનિક નાટક અને એક ગઝલની પ્રસ્તુતિ ધ્વનિલ પારેખે વિદ્યાર્થીઓ સમક્ષ કરી તેમની દાદ મેળવી હતી.

વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓએ તેમને સાહિત્ય અને સર્જન અંગેના પ્રશ્નો પણ પૂછ્યા હતા, જેના વિગતવાર જવાબો તેમના દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને અંતે આભાર દર્શન ગ્રંથપાલ શ્રદ્ધા વૈદ્ય દ્વારા અને સંચાલન હિમાક્ષી પટેલ તથા અંજલિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# હિન્દી સાહિત્ય અધિવેશનમાં ગુલાબચંદ પટેલને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૫

હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, અલ્હાબાદ દ્વારા શિલોંગ (મેઘાલય) ખાતે ૧૯ માર્ચના રોજ ૬૯મું હિન્દી સાહિત્ય અધિવેશન યોજાઈ રહ્યું છે. આ અધિવેશ માટે ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદના ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગાંધીનગરના હિન્દી કવિ ગુલાબચંદ પટેલને આમંત્રણ પ્રાપ્ત થયું છે. ગુલાબચંદ પટેલ આ અધિવેશન અંતર્ગત 'રાષ્ટ્રીય વિકાસ મેં સાહિત્ય કી ભૂમિકા' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લેશે અને પોતાની કૃતિઓ પણ રજૂ કરશે.

ઉલ્લેખનીય છે કે ગુલાબચંદ પટેલ આ અગાઉ મુંબઈ, નાગપુર વગેરે સ્થળોએ હિન્દી સાહિત્ય પરિષદોમાં ભાગ લઈ ચૂક્યા છે. ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી નરેન્દ્રભાઈ જોષી તથા નગરના સાહિત્યપ્રેમીઓ તરફથી અલ્હાબાદ અધિવેશન માટે તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારી યાદગાર સ્કૂલ'